RESEARCH REVIEW JOURNALS
Volume-05
Issue-10
October-2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]
DOI: https://doi.org/10.31305/rrijm.2020.v05.i10.035

# રાઠવા આદિવાસી સમાજ

રાઠવા સુમિત્રાબેન કુલસિંગભાઈ

પીએચ.ડી સ્કોલર, શ્રી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનીવર્સીટી પાટણ

---

ચાલો વિશ્વના આદિવાસી સમાજના એક ભાગરૂપી છોટાઉદેપુર જિલ્લામાં વસવાટ કરતા અને આદિવાસી સમાજમાં અલગ આગવી ઓળખ ધરાવતા આ રાઠવા સમાજની આપણે વિસ્તારપૂર્વક સમજ મેળવીએ....

" રાઠવા " શબ્દ રાઠ વિસ્તાર ધરાવતા આદિવાસી લોકોના સમૂહના લીધે પ્રચલિત થયો છે. છોટાઉદેપુર જીલ્લાના સમગ્ર વિસ્તારમાં આ જાતિના લોકો વધારે જોવા મળે છે. જેઓ મધ્યપ્રદેશ રાજ્યના માળવા નજીક અલીરાજપુર પાસેના રાઠ વિસ્તારમાંથી આવીને છોટાઉદેપુર ખાતે વસેલા એવી લોક વાયકા છે. છોટાઉદેપુર જિલ્લાનો સમગ્ર પહાડી વિસ્તાર પાલ તરીકે ઓળખાતો હતો. છોટાઉદેપુરના ઉતર પૂર્વના વિસ્તારમાં રાઠવાઓના વસવાટને પરિણામે તે વિસ્તાર આજે રાઠ તરીકે ઓળખાય છે.

આ સમાજના લોકોની આદિવાસી સંસ્કૃતિની વાત કરીએ તો તેઓ પોતાના સમાજ માટે એકતા ધરાવે છે અને તેઓની પીઠોરા ભીતચિત્રમાં ખાસ કારીગરી જોવા મળે છે.

રાઠવા સમાજના લોકોમાં શિક્ષણનું સ્તર ખુબ ઓછુ જોવા મળે છે. તેમજ સમગ્ર વિસ્તાર અવિકસિત જોવા મળે છે તેમ છતાં આવી પરીસ્થિતિ માંથી બાર આવીને પોતાના સમાજને આગળ લાવવા માટે તેઓ દ્વારા સમય અને પરિસ્થિતિના બદલાવ મુજબ તેઓની પરિસ્થિતિમાં પણ ઘણા ફેરફારો થતા જોવા મળે છે. અને તેઓની અથાગ મેહનતના અને પોતના સમાજ ને આગળ લાવવા તેઓમાં રહેલી ખાસિયતને બાર કાઢીને ઘણું બધું પરિવર્તન લાવ્યા છે.





રાઠવા સમાજના આદિવાસી લોકોના પહેરવેશની વાત કરીએ તો અન્ય કરતા અલગ તરી આવે એવો તેમનો એકદમ સાદો પોશાક હોય છે જેમકે પુરુષ લંગોટી(ધોતી) અને બુસટ તેમજ સ્ત્રી ઘાઘરો અને ઓઢણી જેવા વસ્ત્રો પહેરે છે. અને તેઓના શરીરમાં કાન, ગળા, હાથ પર છુંદણા જોવા મળે છે. અને આદિવાસી સમાજની સ્ત્રીઓ ચાંદીના ઘરેણાની શોખીન હોય છે જેમાં હાંસડી, કડલા, વોક, માળા અને પગના જાંજર કાનમાં વિલા પહેરે છે.

રાઠવા સમાજના રીતિરિવાજો, પહેરવેશ તેમજ રેણીકેણી અલગ તારી આવે છે. અન્ય સમાજના રીતીરીવાજ કરતા ખુબ જ અલગ સ્થિતિ જોવા માળે છે જેમકે ઘરમાં કોઈપણ જાતનો પ્રસંગ હોય

RRIJM 2015, All Rights Reserved 

જેવો કે લગ્ન પ્રસંગ', મરણનો પ્રસંગ, વસ્તુ પૂજન કે અન્ય સામાજિક પ્રસંગ હોય તેઓની પ્રસંગની વિધિ અને ઉજવણીની રીત ભાત અલગ જોવા મળે છે.



રાઠવા સમાજ કલા સાથે પણ જોડાયેલ છે તેઓ દ્વારા વાંસમાંથી ટોપલી, સાવરણો, સૂપડું તેમજ અન્ય વાસણો બનાવામાં આવે છે અને તેઓ માટી માંથી પણ વાસણ બનાવવામાં પણ ખુબ પ્રખ્યાત છે. તેઓના બનાવેલ માટી ના વાસણ માં બનેલો ખોરાક ખુબ જ સ્વાદિષ્ટ હોય છે.

આદિવાસી રાઠવા સમાજ કોતર કામ માં પણ સારી ઉણપ ધરાવે છે. તેઓ લાકડામાંથી કોતર કામ કરી ને દેવો ની મૂર્તિઓ બનાવે છે જે ઈંગ્લેંડમાં પણ પ્રખ્યાત થયેલ છે. તેમજ લાકડાની અલગ અલગ અન્ય વસ્તુઓ પણ બનાવે છે.



આદિવાસી સમાજની ધાર્મિક વૃતિ જગત ભરમાં વિખ્યાત છે. પીઠોરા શબ્દ એ આદિવાસી રાઠવા સમાજનું અસ્તિતવ ગણાય છે. આદિવાસી સમાજનું પીઠોરા પેન્ટિંગ આજે વિશ્વભરમાં પ્રખ્યાત છે તેઓ દ્વારા હાથથી છાપવામાં આવતા પીઠોરા પેન્ટિંગ અન્ય કોઈથી કોપી ન થઇ શકે તેવા હોય છે. જેના માટે પ્રખાય્ત એવા આ સમાજની આપને વાત કરીએ તો તેમાં કુદરતી રીતે તેઓના લોહીમાં આ પ્રકારની અનેકવિધ શાખ્તીઓ રહેલી છે.

આ સમાજના લોકો તીરઅંદાજીમાં પણ ખુબ માહિર હોય છે રાજ્ય કક્ષાએ તેઓ તીરાનાદાજીમાં મેડલો મેળવેલ છે તેઓનું નિશાની બાજીમાં ઘણું સારું જ્ઞાન રહેલું છે. તેઓએ લગાવેલું નિશાન ક્યારેય ચૂકતું નથી જેથી અન્ય કરતા તેઓમાં આ પ્રકારની પણ શક્તિ રહેલી જોવા મળે છે.

**ખોરાક**..... રાઠવા સમાજના લોકોનો મુખ્ય ખોરાક રોટલા શાક અને દાળ ભાત હોય છે જેમાં તેઓ મકાઈ અને ચોખાના રોટલાનો

RRIJM 2015, All Rights Reserved

વધુ ઉપયોગ કરે છે. અને ખાસ કરીને તેઓ પોતાના પ્રસંગ માં કે તહેવારોમાં ખાસ પ્રકારના અડદના ઢેબરા બનાવે છે જે ઘણા જ સ્વાદિષ્ટ લાગે છે.

**તહેવાર**.... આદિવાસી સમાજના આ વિસ્તારમાં તેઓ ખાસ કરીને હોળીનો તહેવાર તેઓ ખુબ ધામધૂમ થી ઉજવે છે હોળી ના તહેવાર પર તેઓ મેળાઓ કરે છે અને તેમાં આદિવાસી પહેરવેશ સાથે નાચવા ગાવા ના મનોરંજનના સાધનો નો ઉપયોગ કરે છે.

**ટીમલી નૃત્ય**.... રાઠવા આદિવાસી સમાજનું ટીમલી નૃત્ય પણ અલગ અંદાજમાં જોવા મળે છે. તેઓ લગ્ન પ્રસંગમાંસંગીત સાથે ટીમલી નૃત્ય રમે છે. જેમાં બધા એક સાથે એક જ સરખા પ્રકારે નૃત્ય કરતા જોવા મળે છે. અને ટીમલી નૃત્ય માટે તેઓનું સંગીત પણ અલગ પ્રકારનું જોવા મળે છે.

**અંધ શ્રધ્ધા**...રાઠવા સમાજના લોકો અંધ શ્રધ્ધામાં ઘણો જ વિશ્વાસ કરે છે . તેઓ બીમાર પડે તો ડોક્ટર પાસે કે દવાખાને જવાને બદલે તેઓ ભુવામાં વધુ માને છે અને તેઓ ભુવા પાસે જાય છે અને તે જે મુજબ કહે તે પ્રમાણે ટ્રીટમેન્ટ કરે છે તેમજ આ લોકો ભૂત અને પ્રેત તેમજ ખાસ કરીને ડાકણમાં વિશ્વાસ કરે છે. ખુબ જ ભોળી આ પ્રજા હજુ પણ આ મુજબના કાર્યોમાં પ્રવૃત જોવા મળે છે.

રાઠવા આદિવાસી સમાજના લોકો આદિવાસી સમાજમાં ઘણી નામના મેળવી હાલ પરિવર્તન શીલ બની રહ્યા છે અને સમયની સાથે તેઓમાં ઘણો બદલાવ જોવા મળી રહ્યો છે. શીક્ષણનું પ્રમાણ વધતા તેઓમાં ઘણી બધી સમાજ લક્ષી સમજ આવવા લાગી છે.

રાઠવા સમાજના લોકો તેઓની પરીસ્થીતીમાં ખુબ અગવડતા અને ઓછા સાધનો હોવા છતાં તેઓમાં મહેનત કરીને આગળ આવવાની વૃતિ ધરાવતા થયા છે. રાઠવા સમાજના આર્થિક પરીસ્થીતી સામાજિક સ્થિતિ, માનસિકતા અને દ્રઢતામાં બદલાવ આવવાથી તેઓ અન્ય સમાજની હરોળમાં આવી ગયો છે. આ સમાજમાં ઘણી એકતા જોવા મળે છે અને સમાજ માટે કઈ કરવાની ભાવના ધરાવે છે.

**દેશ સેવા**...રાઠવા સમાજના લોકો દેશ સેવામાં પણ ખબ મોટો ફાળો આપે છે. ભારતીય સેનામાં (ઇન્ડિયન આર્મી)માં રાઠવા સમાજના લોકો ખુબ મોટી સંખ્યામાં સેવા બજાવી રહ્યા છે અને દેશ માટે શહીદ પણ થયા છે જે સમાજ માટે ગર્વની બાબત ગણવામાં આવે છે.

આદિવાસી ટ્રાયબલ વિસ્તારમાં અપૂરતી માળખાગત સુવિધા હોવા છતાં આટલા આગળ આવનાર આ સમાજ પોતાની આગવી ઓળખ ધરાવે છે.

**<u>સંદર્ભો :-</u>**

૧. છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સમાજોનો સાંકૃતિક અને માનવશાસ્ત્રીય આભ્યાસ
- સંકલન -સંપાદક : કાનજી પટેલ

૨. છોટાઉદેપુર જીલ્લાની હુન્નરકલા - લેખન સંપાદન : નારણ યુ રાઠવા ,વિકેશ બી રાઠવા

૩. આદિવાસી લોક સાહિત્ય - સંપાદક : પ્રફુલ્લ દવે

૪. ગુજરાતના આદિવાસી લોક સાહિત્યનો ઈતિહાસ - હસુ યાગ્નિક.

૫. વન બંધુનો વિકાસ સૂર છોટા ઉદેપુર: મહેશચંદ્ર કટારા સયુંકત માહિતી નિયામક